# સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૧૭–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૪–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૧ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૨૭) એડીશનલ સીટી ઈજનેર(સીવીલ)ની અનુસુચિત જનજાતિની ખાલી ૦૧ જગ્યા અને ભવિષ્યમાં ખાલી પડનાર બિનઅનામતની ૦૧ જગ્યા મળી કુલ–૦૨ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૬ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓઅંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૫(૧) અને પેરા નં.૫(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર ૧ અને ૨ ના ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત અને લાયકાત મેળવ્યા બાદ નિયત સમયગાળાનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૨ ઉમેદવારોની અરજી માન્ય ગણી તેઓને તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ "મા.મેયરશ્રીની કચેરી" માં 'ખડી સમિતિ' સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૫(૩) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૧૪ નાં કુલ–૧૪ ઉમેદવારો પૈકી અનુક્રમ નંબર ૧ થી ૬ ના કુલ–૬ ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ કાર્યપાલક ઈજનેર તરીકેનો અનુભવ ધરાવતા ન હોવાથી અને/અથવા ખાતાકીય અરજી ન કરેલ હોવાથી તથા અનુક્રમ નંબર ૭ થી ૧૪ ના કુલ–૮ ઉમેદવારો ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવા જેવા વિવિધ કારણોસર કુલ–૧૪ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૯/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

================================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા. મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૮–૨૦૨૩.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

## સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૧૭–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૪–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૨ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૨૮) એડીશનલ સીટી ઈજનેર(ઈલે./મીકે.) ની ખાલી બિનઅનામતની ૦૧ જગ્યા ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૦૯ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓઅંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૬(૧) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર ૧ ના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત અને લાયકાત મેળવ્યા બાદ નિયત સમયગાળાનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૧ ઉમેદવારની અરજી માન્ય ગણી તેઓને તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ સવારના ૧૧–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ "મા.મેયરશ્રીની કચેરી" માં 'ખડી સમિતિ' સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૬(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૧૦૮ નાં કુલ–૧૦૮ ઉમેદવારો પૈકી અનુક્રમ નંબર ૧ થી ૯૦ ના કુલ–૯૦ ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ કાર્યપાલક ઈજનેર તરીકેનો અનુભવ ધરાવતા ન હોવાથી અને/અથવા ખાતાકીય અરજી કરેલ ન હોવાથી તથા અનુક્રમ નંબર ૯૧ થી ૧૦૮ ના કુલ–૧૮ ઉમેદવારો ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવા જેવા વિવિધ કારણોસર કુલ–૧૦૮ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૦/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

==================================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૮–૨૦૨૩.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”